# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૭/૦૨/૨૦૨૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૩૨ લીટર દેશી દારૂ, ૧૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૬૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩,૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૧૬/૨૦૨૫**

**નરોડાઃ** શકરાભાઈ કચરાભાઈ પ્રજાપતિ (રહે. ભાગ્યલક્ષ્મી સોસાયટી નોબલ સ્કુલની બાજુમાં કૃષ્ણનગર) એ તા.૨૬/૦૨/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૨/૨૦૨૫ કલાક ૧૧/૩૦ થી તા.૨૬/૦૨/૨૦૨૫ કલાક ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા જીઆઈડીસી ફેઝ-૪ પ્લોટ નંબર-૪૧૩/૨ મા આવેલ એપેક્ષ એલોય સ્ટીલ પ્રા.લી નામની કંપનીમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી પ્રોડકશન વિભાગમાંથી સ્ટેનલેસ સ્ટીલ, નિકલ તથા અલગ-અલગ ધાતુ મળી ૨૭૫ કિલોગ્રામ કસ્ટીંગનુ મટીરીયલ્સ કિમત રૂપિયા ૫,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૩૧૭/૨૦૨૫**

**ચાંદખેડાઃ** રજતસિંઘ સ/ઓ શિવરાજ સિંઘ (ઉ.વ.૩૯) (રહે. મેપલ પરમેશ્વર ફ્લેટ્સ સ્નેહ પ્લાઝા રોડ ચાંદખેડા) એ તા.૨૬/૦૨/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૧/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે રજતસિંઘ સિંઘના માતા વિજયાલક્ષ્મી સિંઘ (ઉ.વ.૬૨) નાઓ ચાંદખેડા સેપલ એલિગન્સ-૪ સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ રજતસિંઘ સિંઘના માતા વિજયાલક્ષ્મી સિંઘના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.આહિર ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** મૌલિક સ/ઓ સૂર્યકાન્ત વ્યાસ (ઉ.વ.૩૭) (રહે. કૃષ્ણકુંજ સોસાયટી ગોકુળિયા હનુમાન મંદિર સામે વ્યાસવાડી નરોડા) એ તા.૨૬/૦૨/૨૦૨૫ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૨/૨૦૨૫ સવારના ૮/૪૫ વાગ્યાના સુમારે મૌલિક વ્યાસના પિતા સૂર્યકાન્ત વ્યાસ (ઉ.વ.૭૫) નાઓ કૃષ્ણકુંજ સોસાયટી પાછળ સ્વામિનારાયણ મંદિર સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્સેસ સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ મૌલિક વ્યાસના પિતા સૂર્યકાન્ત વ્યાસના ગળામાંથી સોનાની રુદ્રાક્ષની માળા કિમત રૂપિયા ૨,૧૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** હિમાબહેન વા/ઓ પરેશભાઈ શાહ (ઉ.વ.૬૩) (રહે. મેનેજમેન્ટ એન્કલેવ ઈન્દ્રપ્રસ્થ બંગ્લોઝ સામે નહેરૂપાર્ક વસ્ત્રાપુર) તા.૨૬/૦૨/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર શહિદ ચોકથી માનસી તરફ જતા વળાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હિમાબહેન શાહના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૫૫,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હિમાબહેન શાહ એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ –** **સમાચાર યાદી નં.૩૧૮/૨૦૨૫**

**ઓઢવઃ** વિરેન્દ્ર સ/ઓ રામકિશોર કોઈરી (ઉ.વ.૨૯) (રહે. કરશનનગર ગેટ નંબર–૧ ફાયર સ્ટેશન સામે રબારી વસાહત ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૨/૨૦૨૫ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેઠાણ ખાતે છતની લોખંડની એંગલ સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ બોધાભાઈ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી